# બોરલ હાઈસ્કુલના ગ્રંથપાલ મહેશભાઈ એન. પટેલનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

## તેમની યશસ્વી કામગીરીને બિરદાવી સન્માન કરાયું



બાયડ (બ્યૂરો ઓફિસ), તા.૨૮

બાયડ તાલુકાની બોરોલ હાઈસ્કુલમાં ગ્રંથપાલ તરીકે યશસ્વી સેવાઓ આપી વયમર્યાદાના કારણે નિવૃત્ત થયેલા મહેશભાઈ એન. પટેલ(આકરૂન્દ)નો જાજરમાન વિદાય સમારંભ કેળવણી મંડળ હોદેદારો, શાળાના કર્મચારીઓ વગેરેની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. નિવૃત્ત થયેલા કર્મચારીની નિષ્ઠાપુર્વકની કામગીરીને બિરદાવી તેમનું બહુમાન કરવાની સાથે તેમનું નિવૃત્તિમય જીવન લોક ઉપયોગી કાર્યોમાં ઉપયોગી થશે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. શાળામાં આવતો વિદ્યાર્થી પુસ્તકને પ્રેમ કરે તેવા પ્રયાસો કરવામાં આવે તો ભારતનો ભાવી નાગરિક અવશ્ય મોટું લક્ષ્ય પ્રાપ્ત કરતો હોય છે. બાયડ તાલુકાના શ્રી સરસ્વતી કેળવણી મંડળ સંચાલિત શ્રી આર.વી.પટેલ હાઈસ્કુલ બોરલના ગ્રંથપાલની કામગીરી ચીવટ અને પુસ્તક પ્રત્યેનો પ્રેમ અનેક વિદ્યાર્થીઓને લાઈબ્રેરી સુધી ખેંચી લાવતો હતો. લાઈબ્રેરીમાં ઉપયોગી પુસ્તકોની સાથે વિદ્યાર્થીઓમાં જનરલ નોલેજ તેમજ અન્ય વિષયમાં જ્ઞાન વધે તેવા પુસ્તકોનો ઉમેરો કરી અન્ય શાળાઓ કરતાં શાળામાં સારૂં પુસ્તકાલય ઉભુ કર્યું હતું. ફ્રિ પિરિયડમાં પણ વિદ્યાર્થીઓ હોંશેહોશે ગ્રંથપાલ પાસે પહોંચી જઈ સારા પુસ્તકોનું વાંચન કરતા. ગ્રંથપાલ તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપી ૫૮ વર્ષની વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં તેમનું નિવૃત્તિ વિદાય સમારંભ કેળવણી મંડળના હોદેદારો તેમજ શાળાના આચાર્ય અશ્વિનભાઈ પટેલ, શિક્ષક નીતિનભાઈ બારોટ, સી.જે.પટેલ, સી.આર.સુથાર, ડી.એન.પટેલ, કે.કે. પટેલ સહિત સ્ટાફની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. નિવૃત્ત ગ્રંથપાલને કુમકુમ તિલક કરી તેમનું સન્માન કરાયું ત્યારે સમગ્ર સ્ટાફ ભાવુક થયો હતો તેમની યશસ્વી સેવાઓને બિરદાવી સન્માનપત્ર આપવામાં આવ્યું હતું. પોતાના ઉષ્માભર્યા વિદાય સમારંભ બદલ શાળા પરીવારનો આભાર માની ગદગદિત બન્યા હતા.

### ડીઝીટલ ઈન્ડીયાના યુગમાં નેટવર્કના ધાંધિયા

# જિલ્લાના ડુંગરાળ વિસ્તારોમાં નબળા મોબાઈલ નેટવર્કથી ગ્રાહકો પરેશાન

બાયડ(બ્યૂરો ઓફિસ), તા.૨૮

ડીઝીટલ ઈન્ડીયાના યુગમાં જિલ્લાના ડુંગરાળ વિસ્તારો ફાનસ યુગમાં હોય તેવી સ્થિતિ છે. ડુંગરાળ વિસ્તારોમાં બી.એસ.એન.એલ. સહિત ખાનગી કંપનીઓનું મોબાઈલ કવરેજ નબળું હોવાથી મોબાઈલ ધારકો રોજ પરેશાની ભોગવી રહ્યા છે. જિલ્લાના વિજયનગર, પોશીના અને ખેડબ્રહ્મા તાલુકાના અસંખ્ય ગામોમાં મોબાઈલ કવરેજના ધાંધિયા જોવા મળી રહ્યા છે. ગ્રાહકોને આકર્ષવા માટે ખાનગી મોબાઈલ કંપનીઓ વચ્ચે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે ત્યાં સરકારનું બી.એસ.એન.એલ. તંત્ર પણ આદિવાસી વિસ્તારોમાં મોબાઈલ સેવા સુધારવામાં સદંતર નિષ્ફળ રહ્યું છે. આજના યુગમાં મોબાઈલ ફોન વગર વિશ્વની કલ્પના અશક્ય છે. મોબાઈલના આવિષ્કારથી આખી દુનિયા મુઠ્ઠીમાં આવી જતાં તેના અનેક સારા પરિણામો જોવા મળી રહ્યાં છે. ભૂતકાળમાં દોરડાવાળા ટેલિફોન એક મોભાદાર વ્યક્તિનું પ્રતિક હતા પરંતુ મોબાઈલ યુગ શરૂ થતાં દોરડાવાળા ટેલિફોન લુપ્ત થવાને આરે છે. જિલ્લામાં મોબાઈલના ગ્રાહકોને સેવા આપવા માટે બી.એસ.એન.એલ. તંત્રએ સર્વે કરાવી મોબાઈલ ટાવર ઉભા કરતાં શરૂઆતમાં બી.એસ.એન.એલ.ના ગ્રાહકોમાં ધરખમ વધારો જોવા મળ્યો પરંતુ ત્યાર પછી નેટવર્ક કથળતાં વધુ ને વધુ મોબાઈલ ગ્રાહકો ખાનગી કંપનીઓની સેવા તરફ વળ્યા છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં છેવાડાના ગામો સુધી આજના યુગમાં પણ સંપૂર્ણપણે મોબાઈલ સેવાઓ પહોંચી ન શકતાં ડીઝીટલ ઈન્ડીયાને ઝાંખપ લાવી રહી છે. જિલ્લામાં ડુંગરાળ વિસ્તારોમાં ખાનગી તો ઠીક પરંતુ બી.એસ.એન.એલ. તંત્રએ યોગ્ય મોબાઈલ ટાવરો ઉભા ન કરતાં નબળા નેટવર્કની ફરિયાદ કાયમી બની છે.

**વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા પંથકના ૨૦૦થી વધુ ગામોમાં નબળું કવરેજ**

વિજયનગર, પોશીના, ખેડબ્રહ્મા પંથકના ૨૦૦ થી પણ વધુ ગામોમાં બી.એસ.એન.એલ.ના નબળા નેટવર્કથી ગ્રાહકો રોજ પરેશાની ભોગવી રહ્યા છે. મોબાઈલ ફોનમાંથી ક્યારેય ટાવર ગાયબ થઈ જાય તેનું કશું નક્કી હોતું નથી. આજના યુગમાં મોબાઈલ સેવા અત્યંત મહત્વની સાબિત થઈ રહી છે ત્યારે બી.એસ.એન.એલ. વિભાગ ડુંગરાળ વિસ્તારોમાં મોબાઈલ સેવા વધુ સુદ્રઢ બનાવે તે સમયની જરૂરીયાત છે.

# હિંમતનગરના વિપુલ પટેલની ટેલિફોન એડવાઈઝર કમિટીમાં સલાહકાર તરીકે નિયુક્તિ

## ભારતના ટેલીકોમ્યુનિકેશન વિભાગ દ્વારા પસંદગી કરાઈ

હિંમતનગર(બ્યૂરો ઓફિસ), તા.૨૮

હિંમતનગરના વિપુલ રમેશભાઈ પટેલની ભારત સરકારના ટેલીકોમ્યુનિકેશન મંત્રાલય દ્વારા ટેલીફોન એડવાઈઝર કમિટીના સલાહકાર સભ્ય તરીકે નિયુકિત કરાતાં સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના યુવાનોમાં ખુશાલી છવાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર આધુનિક ટેકનોલોજી, આધુનિક શિક્ષણ સહિતના વિભાગોમાં છેલ્લા એક દાયકાથી આગવું પ્રદાન આપનાર હિંમતનગર તાલુકાના કરણપુરના યુવાન વિપુલ પટેલની કામગીરીની કેન્દ્રસરકાર અને તેના મંત્રાલયો દ્વારા નોંધ લેવામાં આવી રહી છે. ગત સપ્તાહે કેન્દ્રના ઉડ્ડયન વિભાગ દ્વારા કોઈમ્બતુર એરપોર્ટ ઓથોરીટીના સભ્ય તરીકે નિયુક્તિ કરવામાં આવી હતી અને ત્યાર બાદ તાજેતરમાં ફરી ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ કોમ્યુનિકેશન દ્વારા ટેલીફોન એડવાઈઝરના સભ્ય તરીકે પસંદગી કરાતાં યુવાનોમાં ખુશાલી છવાઈ છે.



# ઈચ્છુક યુવક યુવતીઓ સાહસિક પગપાળા સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણમાં ભાગ લઈ શકશે

મોડાસા તા.૨૮

કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે સાહસીક પગપાળા સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતા ૧૪ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓને જોડાવવા માટે દર વર્ષે સાહસિક પગપાળા સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજાશે. જે અંતર્ગત ચાલુ વર્ષે ૧૦ (દસ) દિવસ માટે આવો સાહસિક સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમ યોજવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય ભરમાંથી મળેલ અરજીઓમાંથી ઉમેદવાર પસંદ કરી કુલ ૧૦૦(એક સો) યુવક-યુવતીઓને આ કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપવામાં આવશે. આ પ્રવાસમાં જોડાવા ઈચ્છ્તા યુવક-યુવતીઓ કે જેમની ઉંમર તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૧ ના રોજ થી ૩૫ વર્ષની હોય તેમણે સાદા કાગળ ઉપર પોતાનું નામ-સરનામું, મોબાઈલ નંબર, જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વ્યવસાય, એન.સી.સી./પર્વતા રોહણ/રમતગમત સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો તેની વિગત, શારિરીક તંદુરસ્તી ધરાવતા હોવાનું દાક્તરી પ્રમાણપત્ર, વાલીની સંમતી, તાજેતરમાં પડાયેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો, ઓળખ કાર્ડ તેમજ અગાઉ આ કાર્યક્રમમાં ભાગ લીધેલ હોય તો તેની વિગત વગેરે માહિતી દર્શાવતી અરજી તા.૧૦નવેમ્બર ૨૦૨૧ સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા.અરવલ્લી પીન. ૩૮૩૩૧૫, ઓફીસ ટે.નં.:- ૦૨૭૭૪૨૫૦૨૦૬ ને મોકલી આપવાની રહેશે. જેમાં પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા કુલ-૧૦૦ યુવક-યુવતીઓની આ કાર્યક્રમમાં જોડાવવા માટે પસંદગી કરવામાં આવશે.માત્ર પસંદગી પામેલ યુવક-યુવતીઓને ફોન કે પત્ર દ્વારા જાણ કરવામાં આવશે.આ કાર્યક્રમમાં ભાગ લેનાર યુવક-યુવતીઓને નિવાસ,ભોજન તથા આવવા-જવાનું ભાડું સરકારશ્રી તરફથી આપવામાં આવશે. એમ જીલ્લા રમગમત અધિકારીની કચેરી,મોડાસા અરવલ્લી દ્વારા જણાવાયું છે.

**અરવલ્લીના જીલ્લાના ૧૪ થી ૩૫ વર્ષના યુવક-યુવતીઓ ૧૦ નવેમ્બર સુધી અરજી કરી શકશે : પસંદગી સમિતિ દ્વારા યોગ્યતા ધરાવતા ૧૦૦ યુવક-યુવતીઓની કાર્યક્રમમાં જોડાવવા માટે પસંદગી કરવામાં આવશે**

# જિલ્લા વિકાસ અધિકારીની ઉપસ્થિતિમાં હિંમતનગર ખાતે પ્રાદેશિક મેળો ખુલ્લો મુક્યો



બાયડ તા.૨૮

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા રાષ્ટ્રીય ગ્રામિણ આજિવિકા મિશન અંતર્ગત સખી મંડળની મહિલાઓ ધ્વારા ઉત્પાદિત વિવિધ વસ્તુઓના વેચાણ માટે પ્રાદેશિક મેળો હિંમતનગર શહેરના ટાવરચોક, બગીચા વિસ્તાર ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની નિતિન સાંગવાનની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકાયો. આગામી ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ એટલે કે પાંચ દિવસ સુધી આ મેળો નગરજનોની ખરીદી માટે ખુલ્લો મુકાયો છે. આ મેળામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ વિવિધ સ્ટોલોની મુલાકાત લઈ બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો.

આ મેળામાં સખી મંડળની મહિલાઓ ધ્વારા ઉત્પાદિત વિવિધ વસ્તુઓનુ વેચાણ થશે. સ્વ-સહાય જુથની મહિલાઓ ધ્વારા ઉત્પાદિત હાથ બનાવટની વસ્તુઓને યોગ્ય બજાર મળી રહે અને દિવાળીના તહેવારો પ્રસંગે નાગરિકોને શુદ્ધ અને સાત્વિક ખાધ્ય સામગ્રી તથા હેંડી ક્રાફટની વસ્તુઓ મળી રહે તે હેતુથી ટાવરચોક, બગીચા વિસ્તાર ખાતે પાંચ દિવસીય પ્રાદેશિક મેળો નાગરીકો માટે ખુલ્લો મુકાયો. જેમા પેચવર્કની આઈટમ, હેંડી ક્રાફટ, કુર્તિ, ડ્રેસ મટીરિયલ્સ, કટલરી, હોમ ડેકોર આઈટમ, બુટ ચમ્પલ, ભરત ગુંથણની વિવિધ વસ્તુઓ, વિવિધ નાસ્તા તેમજ દિવાળીના તહેવારને અનુરુપ સુશોભનની ચીજ વસ્તુઓ સહિતના ૧૬ સ્ટોલ ઉભા કરવામા આવ્યા છે. આ મેળા દ્વારા તહેવારને અનુરૂપ સામગ્રી એક જ જગ્યાએ મળશે.

# જૂના બાકી રહેલ કામોને પૂર્ણ કરવા તેમજ બાકી રહેલી અરજીઓનો ઝડપથી નિકાલ કરવો : દિપસિંહ રાઠોડ

## અરવલ્લી સાંસદની અધ્યક્ષતામાં ડ્રિસ્ટ્રિકટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ સમિતિ (દિશા)ની બેઠક

બાયડ તા.૨૮

અરવલ્લી જિલ્લા ડ્રિસ્ટ્રિકટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીંગ સમિતિ(દિશા)ની બેઠક સાસંદશ્રી દિપસિંહ રાઠોડની અધ્યક્ષતા તથા જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં મોડાસા કલેકટર કચેરીના સભાખંડ ખાતે યોજાઇ હતી. બેઠકમાં સાસંદ શ્રી દિપસિંહ રાઠોડે જણાવ્યું હતું કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાનો લાભ ગામડાના છેવાડાના લોકો સુધી મળી રહે તે દિશામાં આયોજન કરી પાયાની જરૂરીયાતોને પ્રાથમિકતા અપાય તે જરૂરી છે. વધુમાં તેમણે સરકાર દ્વારા વિકાસ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટનો ઉપયોગ સબંધિત હેતુ માટે થાય તે જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, જૂના રહેલ કામોને પૂર્ણ કરવા તેમજ બાકી રહેલી અરજીઓનો ઝડપથી નિકાલ કરવો. જે લોકોને જમીન નથી તેમની યાદી બનાવી ગૌચર જમીનને તબદીલ કરવા જણાવ્યું. તેમજ અમલીકરણ અધિકારીશ્રીઓ પાસેથી પૂર્ણ થયેલ કામોની વિગતો મંગાવાઈ. દિશાની બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજના, સ્વચ્છ ભારત મિશન, શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન પ્રોજેક્ટ, જિલ્લા જળ સ્વચ્છતા એકમ, આરોગ્ય, કૃષિ, શિક્ષણ,સિંચાઈ, પશુપાલન, રોજગાર, વીજ,પુરવઠા, માર્ગમકાન, શહેરી વિકાસ સહિતના વિભાગોની યોજનાની ચર્ચા તથા લાભાર્થીઓને થયેલા લાભ અને બાકી રહેતા લોકોને ઝડપથી લાભ મળે તે દિશામાં કામગીરી કરવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો. બેઠકમાં જીલ્લા પંચાયત પ્રમુખશ્રી લાલસિંહ ચૌહાણ, ભિલોડા ધારાસભ્યશ્રી અનિલ જોષીયારા,મોડાસા ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક શ્રી ડી.બી.દાવેરા, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ સહિત વિવિધ પદાધિકારીઓ અને જીલ્લાના સબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.







"વોટર મેન ઓફ ઈન્ડિયા'' ના નામે જાણીતા પર્યાવરણ વીદ ડૉ.રાજેન્દ્ર સિંધ એ બનાસડેરીની મુલાકાત લઈને તેમણે રાજસ્થાનની અરવલ્લી ટેકરીઓમાં કરેલા જળસંચયના કામોથી બનાસડેરીની ટીમને અવગત કર્યા હતા. વરસાદી વહીજતા પાણીનો ભૂગર્ભમાં જળ સંચય કઈ રીતે કરી શકાય તે માટે તેમણે રાજસ્થાનની મરું ભૂમિમાં આદરેલા પ્રયાસોનો અનુભવ જણાવતા જણાવ્યું કે પાણીએ જીવનનો આધાર છે, ભૂગર્ભમાં રહેલા જળનો જથ્થો ટકી રહે અને ઉપરથી વરસાદી પાણી પણ અલગ અલગ પ્રયોગો થકી ભૂગર્ભમાં સંચય થાય તેવો પ્રયાસ સમગ્ર માનવજાતે કરવો જોઈશે.

# આજે વિજાપુર તાલુકાના હિરપુરા ગામે સાબરમતી નદી ઉપર બેરેજનું ખાતમુર્હુત કરાશે

મહેસાણા, તા. ૨૮

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના હિરપુરા ગામે સાબરમતી નદી પર બેરજ યોજનાની કામગીરીનો શુભારંભ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ૨૯ ઓક્ટોબરને શુક્રવારે સવારે ૦૯-૦૦ કરાવનાર છે. હિરપુરા ગામે આનંદનિકેતન ટ્રસ્ટ,રાધે બી.એડ કોલેજ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં વિવિધ વિકાસ કામોના ઈ-ખાતમુર્હુત,ઈ લોકાર્પણ સહિત નિરામય ગુજરાત અભિયાનનો શુભારંભ કરવામાં આવનાર છે.

# અરવલ્લી મોડાસાના ખાદી ભવન ખાતેથી ૧૩,૦૮,૪૩૬ રૂપિયાની ખાદીની ખરીદી

## જીલ્લાના પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારી, કર્મચારી તથા ૩૩૦૪ શિક્ષક દ્વારા ખાદીની ખરીદી કરવામાં આવી

બાયડ તા.૨૭

આત્મનિર્ભર ભારત અભિયાનના ભાગ સ્વરૂપે સ્વદેશી વસ્તુઓ અપનાવવા માટે સૌ પ્રેરિત થાય અને ખાદી ખરીદી માટે પ્રોત્સાહિત થાય અને જરૂરિયાતમંદ લોકોને રોજગારી મળી રહે તેવા ઉમદા હેતુથી ખાદી ખરીદવા તથા પહેરવા માટેનું અભિયાન શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જે અંતર્ગત અરવલ્લી જીલ્લાના મોડાસાના શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘ ખાદીભવન ખાતેથી પૂજ્ય બાપુ મહાત્મા ગાંધીના સ્વરાજયના આદર્શ ગ્રામના સિદ્ધાંતનું સૌથી મહત્વનું પાસું એટલે સ્વનિર્ભરતા, વર્તમાન સમયમાં દેશના પ્રધાનમંત્રીશ્રીએ પણ આત્મનિર્ભર ભારતનો શુભ વિચાર કાર્યાન્વિત કર્યો છે.

જેમના પગલે ચાલતા જીલ્લાના પ્રાથમિક શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારીશ્રી , કર્મચારીશ્રી તથા ૩૩૦૪ શિક્ષકશ્રી દ્વારા ૧૩,૦૮,૪૩૬ રૂપિયાની ખાદીની ખરીદી કરવામાં આવી.

તેમજ ઘણી શાળાના સ્ટાફે એક કલરની સાડી ખરીદીને શાળાના યુનિફોર્મ તરીકે સ્વીકારેલ છે. સમગ્ર ખરીદી સ્વેચ્છાએ અને ઉમંગ પૂર્વક કરવામાં આવી.





# યુવક મહોત્સવમાં અડપોદરા હાઈસ્કુલના વિદ્યાર્થીઓ ઝળક્યા

રાયગઢ તા.૨૭

હિંમતનગર તાલુકાની અડપોદરા ખાતે આવેલ શ્રી અડપોદરા એજયુકેશન સોસાયટી સંચાલિત શ્રી એન.ડી.શાહ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં હિમતનગર મુકામે કે.કે. કોઠારી હાઈસ્કુલ વકતાપુરમાં યોજાયેલ જિલ્લા કક્ષાના યુવક મહોત્સવમાં ભાગ લીધો હતો. જેમાં ધોરણ ૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ મૈત્રી પંડ્યાએ શાસ્ત્રીય નૃત્યમાં અને આસ્થા નાયકે કંઠ્ય સંગીતમાં તેમજ ધોરણ ૧૧ની વિદ્યાર્થીની રંજન ઝાલા દેશી રમકડા સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ છે. તથા ધોરણ ૯માં અભ્યાસ કરતો વિદ્યાર્થી કુંદન ઝાલાએ ટુડી આર્ટમાં દ્વિતીય નંબર મેળવી જ્વલંત સફળતા મેળવવા બદલ અડપોદરા એજયુકેશન સોસાયટીના પ્રમુખશ્રી એચ.એન.શાહ, ઉપ પ્રમુખશ્રી, મંત્રીશ્રી તથા સભ્યશ્રીઓએ વિજેતા વિદ્યાર્થીઓ તેમજ શાળાના આચાર્યશ્રી એસ.જે પટેલ, શિક્ષકશ્રી પી.એન.બ્રહ્મભટ્ટ તથા શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.





# જન્મદિને વધામણી



હેત ભાવેશભાઈ પટેલ
વ્રજ ગાર્ડન સોસાયટી
બાયડ



નયનાબેન મુકેશભાઈ પ્રજાપતિ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ, ૨
બાયડ



ઘનશ્યામ સિંહ ચાવડા
(ગાંધીનગર)
આચાર્ય - સરડોઈ હાઇસ્કુલ



સુધાબેન ડી. જયસ્વાલ
નિવૃત્ત આચાર્ય / જુથમંત્રી
શીનાવાડ પ્રાથમિક શાળા
શીનાવાડ, તા : મોડાસા જિ : અરવલ્લી

**રક્તદાન મહાદાન**

# પાતેરા પ્રાથમિક શાળામાં નવીન ચાર ઓરડાઓનું ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો

બાયડ તા.૨૮

બાયડ તાલુકાની પાતેરા પ્રાથમિક શાળામાં નવીન ૪ ઓરડા મજુર થતા યાદગાર ભૂમિપૂજન નો કાર્યક્રમ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી રમેશભાઈ પટેલ ,તાલુકા પ્રમુખશ્રી મંજુલાબા એન. સોલંકી ,તાલુકા ભાજપ સંગઠન મંત્રીશ્રી માનસિંહ સોઢા પરમાર ,માજી જિલ્લા ઉપપ્રમુખ ભાજપ શ્રી ભુપતસિંહ યુ.સોલંકી, જિલ્લા પંચાયત સદસ્ય શ્રી દેવેન્દ્રસિંહ આર.સોલંકી ,તાલુકા સદસ્ય શ્રી જશવંતસિંહ એ.સોલંકી, પાતેરા ગામના સરપંચ શ્રી દિપક સિંહ એલ.સોલંકી ,સર્વ શિક્ષા અભિયાન મિશન એન્જિનિયર શ્રી બીપેનભાઈ તથા ગામના વડીલ આગેવાનો, માતાઓ ,બહેનો અને બાળકો તથા શાળા પરિવારની હાજરીમાં યોજાઈ ગયો... કાર્યક્રમનું આયોજન શાળાના મુખ્ય શિક્ષક કનુભાઈ પરમાર અને સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું

